## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન લો આ પીત્ઝા... અને અંદર જઈ ટી.વી. જોઇને કહો... શરીફ અને મોદીએ કાંઈ નિર્ણય લીધો...!!

# સંગત-૨૦૧૬નું રંગેચંગે સમાપન

### સે. ૨૩ની એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટની એમબીએ વિભાગે વર્ષ ૨૦૧૬ની વિજેતા ટ્રોફી મેળવી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સે. ૧૫માં એલડીઆરપી કોલેજ ખાતે યોજાયેલ યુવક મહોત્સવ "સંગત-૨૦૧૬"નું સમાપન થયું છે. આ યુવક મહોત્સવમાં સે. ૨૩ કેમ્પસની એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજેન્ટના એમબીએ વિભાગ વિજેતા બનવા પામી છે.

શનિવારે સાંજે યોજાયેલા ધમાકેદાર સમાપન સમારોહમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા ડાયરેક્ટર ડી.ટી. કાપડીયાની ઉપસ્થિતિમાં એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના એમબીએ વિભાગને વિજેતા ટ્રોફી અર્પણ કરાતાં સમગ્ર હોલ તાળીઓ અને હર્ષની ચિચિયારીઓથી ગુંજી ઉઠ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સંગત-૨૦૧૬ના અંતિમ દિવસે ક્લાસિકલ વોકલ, ગૃપ સોંગ, લાઈટ વોકલ, ક્લાસિકલ ડાન્સ, ઈલોક્યુશન, એક્ટેમ્પોર, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, કાર્ટુનિંગ, રંગોલી, શીઘ્ર કવિતા તથા કાર્યપૂર્તિ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ યુવક મહોત્સવમાં યુનિવર્સિટીની તમામ કોલેજોના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. તમામ સ્પર્ધાના વિજેતાઓને પણ ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. તમામ સ્પર્ધાને અંતે સૌથી વધુ ઈવેન્ટમાં વિજેતા બનનાર એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના પીજી માટેના એમબીએ વિભાગને "સંગત-૨૦૧૬"ની વિજેતા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ કોલેજે માઈમ, મિમિક્રી, પોસ્ટર મેકિંગ, વેસ્ટર્ન મ્યુઝિકમાં પ્રથમ સ્થાન, ગ્રીન એનર્જીમાં દ્વિતિય સ્થાન તથા સ્કીટ, શીઘ્ર કવિતા તથા શાસ્ત્રિય ગાયનમાં તૃતીય સ્થાન મેળવ્યું હતું.



# સેક્ટર-૧૯માં બે હરિયાળા વૃક્ષો કાપી નંખાતા પર્યાવરણપ્રેમીઓમાં આક્રોશ

### પાંદડા વધુ પડતા હોવાના નજીવા કારણોસર બે હરિયાળા વૃક્ષો કાપી નંખાયા : એકઠા થયેલા રહીશોને ઝાડ કાપનારા કર્મીઓનો ઉધ્ધત જવાબ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં એક તરફ શહેરના માર્ગો પરના જોખમી વૃક્ષોનું ટ્રીમીંગ કરાતુ નથી જેના કારણે વસાહતીઓ માથે જીવનું જોખમ ઝળુંબી રહ્યું છે. બીજી તરફ પર્યાવરણની જાળવણીના બણગાં ફૂંકતા તંત્ર દ્વારા જ મોટા માથા બની બેઠેલા અધિકારીઓના ઘર પાસે માત્ર પાંદડા વધુ ખરતા હોવાના સામાન્ય કારણોસર વર્ષો જુના ઘટાદાર અને તંદુરસ્ત વૃક્ષોને કાપી નાંખવામાં આવી રહ્યા છે. આજે સેક્ટર-૧૯માં ગ-૧ ટાઈપના આવાસોમાં ૨૩૦ નંબરના મકાન પાસેના બે તંદુરસ્ત વૃક્ષોને વિના કારણ કાપી નાંખવામાં આવતા શહેરના પર્યાવરણ પ્રેમીઓમાં આઘાતની લાગણી ફેલાવા પામી છે.



લગભગ બપોરના સુમારે આ બંને વૃક્ષોને કાપવાના પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ સમયે આસપાસના મકાનોના પર્યાવરણપ્રેમી રહીશો કુતુહલવશ એકઠા થઈ ગયા હતા. અને પુછપરછ કરી હતી પરંતુ ઝાડ કાપી રહેલા કર્મીઓએ તેમને ઉદ્ધત ભાષામાં જવાબો આપ્યા હતા અને વૃક્ષો કાપવાનુ કારણ વધુ પડતા પાંદડા ખરતા હોવાનું જણાવ્યું હતું. આવા નજીવા કારણસર કપાઈ રહેલા હરિયાળા વૃક્ષને જોઈ રહીશોએ અત્યંત આઘાતની લાગણી અનુભવી હતી અને કોના આદેશથી આ ઝાડ કાપવામાં આવી રહ્યા છે તેની પૃચ્છા કરી હતી પરંતુ તેમને આ બાબતનો જવાબ આપવામાં આવ્યો નહોતો. એક તરફ તાજેતરમાં શહેરમાં ઓઝોન દિવસને ખૂબ જ ધામધૂમથી ઉજવી પર્યાવરણની જાળવણીની મોટી મોટી વાતો કરાઈ છે ત્યારે બીજી તરફ આ રીતે નજીવા કારણોસર કપાઈ રહેલા હરિયાળા વૃક્ષોથી પર્યાવરણપ્રેમીઓમાં આક્રોશની લાગણી ફેલાવા પામી છે. સત્વરે આ વૃક્ષો કાપવા માટે જવાબદાર તત્વો પરત્વે પગલાં લેવાય તેવી આ પર્યાવરણપ્રેમીઓમાં માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર જિલ્લામાં જિલ્લાકક્ષાની પેરા ઓલમ્પિકની ૧૦૦ મીટર દોડમાં વલાદ પ્રા. શાળાની વિદ્યાર્થી રાવળ જાગૃતિ પ્રથમ ક્રમે, સોફ્ટ બોલ થ્રો માં સ્નેહલ બિહોલા દ્વિતીય ક્રમ તથા વિશાલ રાવળ ૫૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ વિજેતા થતાં આચાર્ય દિપકભાઈ ચાનુપુરાએ બાળકોની આ સિદ્ધિને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

# ઈન્ડીયન મેડીકલ એસો.માં સતત પાંચમાં વર્ષે પ્રમુખ તરીકે ડૉ. અનિલ ચૌહાણ જંગી બહુમતિથી વિજયી

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડીયન મેડીકલ એસોસિએશનની સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં નવિન વર્ષ માટે ઈન્ડીયન મેડીકલ એસોસિએશના હોદેદારો વચ્ચે ચુંટણી યોજાઈ હતી. આ ચુંટણીમાં જંગી બહુમતિથી સતત પાંચમીવાર પ્રમુખ તરીકે ડો. અનિલ ચૌહાણ ચુંટાઈ આવ્યા છે. જયારે સેક્રેટરી તરીકે ડો. જયેશ સોલંકી, ઉપપ્રમુખ તરીકે ડો. કલ્પેશ પરીખ અને ડો. રશ્મિન પ્રજાપતિ, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડો.વિરલ લુહાર, ટ્રેઝરર તરીકે ડો. બંકીમ મોદી, આસી. સેક્રેટરી તરીકે ડો. હર્ષદ રાઠોડ, આસી.ટ્રેઝરર તરીકે ડો. વસંત પટેલ જંગી બહુમતિથી વિજયી બન્યા છે. જયારે ચુંટણીમાં ઈલેકશન કમિશનર તરીકે ડો. પિયુષ દવે તેમજ ડો. અનિલ વૈધ દ્વારા સેવા આપવામાં આવી હતી.

ઈન્ડીયન મેડીકલ એસોસિએશન એ ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારના ૪૦૦ થી વધુ એલોપેથિક ડોકટર્સનું સંગઠન છે. આ એસોસિએશન નિયમિત પણે સી.એમ.ઈ. (કન્ટીન્યુઅશ મેડીકલ એજ્યુકેશન)ના કાર્યક્રમોથી નવિન તબિબિ સંશોધનોથી ગાંધીનગરના તબિબોને માહિતગાર કરે છે અને આરોગ્ય સેવાના કેમ્પ તેમજ લોક કલ્યાણની પ્રવૃતિઓ ઉપરાંત રાજય સરકારની આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓમાં પણ મહત્વનું યોગદાન પુરુ પાડે છે. ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના હોદેદારોની વરણીને અન્ય ડોકટર્સ આલમે વધાવી હતી. તેમજ આઈ.એમ.એ.ના નવિન હોદેદારોને ફોન પર શુભચિંતકો દ્વારા શુભેચ્છા સહ અભિનંદન વર્ષા શરુ થઈ ગઈ છે.





# લેકાવાડા દુધ મંડળીના કૌભાંડ મામલે ગુનો દાખલ

### સુપરવાઇઝર, ટ્રક માલીક અને ક્લીનર ઉપરાંત મંડળીના કર્મચારીઓ સામે ચેરમેને નોંધાવી ફરિયાદ

લેકાવાડા દુધ મંડળીની દુધની હેરાફેરી કરતી ટ્રકમાં દુધનાં કેનમાંથી દુધ ચોરી પાણી મિલાવવાનાં કૌભાંડના વિડીયો આધારે આજે સામે ગુનો દાખલ કરી પી.એસ.આઈ વી.એ.પઠાણે તપાસ શરુ કરી છે.

ચિલોડા દુધ ઉત્પાદક ફરિયાદ નોંધાવી છે. પોલીસે તેમની ફરિયાદ આધારે તે વિડીયોમાં દેખાતા ટ્રકનાં માલીક ઝવેરભાઈ, સુપરવાઈઝર વેલજીભાઈ અને



ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધાવા પામ્યો છે. ચિલોડા દુધ ઉત્પાદક મંડળીનાં ચેરમેને આપેલી ફરિયાદ મુજબ પોલીસે ટ્રક માલીક, સુપરવાઈઝર અને ક્લીનર ઉપરાંત લેકાવાડા દુધ મંડળીનાં કર્મચારીઓ મંડળીના ચેરમેન શામળભાઈ રામાભાઈ પટેલે તાજેતરમાં બહાર આવેલા લેકાવાડા દુધ મંડળીનાં દુધ હેરાફેરીના ટ્રકમાં દુધની ચોરી બાદ પાણીની ભેળસેળ કરતા વિડીયો આધારે ચિલોડા પોલીસ મથકમાં અજાણ્યો ક્લીનર ઉપરાંત તપાસમાં નિકળે તે લેકાવાડા દુધ મંડળીના કર્મચારીઓ સામે આઈપીસી કલમ ૩૭૯, ૪૦૭, ૪૦૮, અને ૧૧૪ હેઠળ ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે.

# ભાજપ દ્વારા માત્ર જુઠ્ઠાણાઓ ફેલાવાય છે : આપ

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ટ્વીટર ટાઉનહોલ નામના ફ્લોપ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકો દ્વારા કરવામાં આવેલા સવાલોમાંથી ગણતરીના જવાબ તેવો દ્વારા રાતના એક ખાનગી ચેનલને ઈન્ટરવ્યુ દ્વારા આપવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીની ગુજરાતમાં વધતી લોકપ્રિયતા વિશે સવાલ પુછાતા રૂપાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં જુઠ્ઠાણા ફેલાવી રહી છે. અને ૨૦૧૭ બાદ આમ આદમી પાર્ટી ખોવાઈ જશે. કોઈ પણ પુરાવા આપ્યા વગર આમ આદમી પાર્ટી ઉપર જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાડીને વિજયભાઈએ મુખ્યમંત્રી પદની ગરિમાને ઠેસ પહોંચાડી છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે એમની એટલી ફરજ તો બને જ છે કે તેવો હવે પુરાવા સહીત આમ આદમી પાર્ટીના કથિત જુઠ્ઠાણાની યાદી આપે. આજે ના માત્ર ગુજરાત પરંતુ દેશ આખો જાણી ગયો છે કે આપ, આપની પાર્ટી અને આપના નેતાઓ દ્વારા જુઠ્ઠાણાં ફેલાવવા સિવાય કોઈ કામ થયુ નથી. તમારા જુઠ્ઠાણાઓ પ્રજા ટુંક જ સમયમાં જાણી ગઈ છે એટલે જ ૨૦૧૪ની સફળતાના ટુંકા સમય ગાળા બાદ દિલ્હી, બિહાર, બંગાળ, કેરળ, તામિલનાડુ જેવા રાજ્યોમાં એક પછી એક ભાજપનો કારમો પરાજય થઈ રહ્યો છે. જે રાજ્યમાં વિજય રૂપાણી આવનારા ૨૦૧૭ની ચૂંટણીઓમાં જીતનો દાવો કરી રહ્યા છે તે રાજ્યમાં આજે ભાજપનો એક પણ નેતા એક પણ જાહેર સભા પોલીસની સઘન સુરક્ષા વગર કરી શકે તેવી હાલતમાં નથી. આ માત્ર અને માત્ર તમારા જુઠ્ઠાણાઓના કારણે થઈ રહ્યું છે.

## આજે આધારકાર્ડની કામગીરી મનપામાં ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે રજાના દિવસે પણ આધારકાર્ડ માટેની કામગીરી દિવસના ઓફિસ સમય દરમ્યાન ચાલુ રહેશે તેમ મનપાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે.




ગાંધીનગર તાલુકાની ભાટ હુડકોની પ્રા. શાળાની કબડ્ડીની મહિલા ટીમ જિલ્લા કક્ષાએ પ્રથમ આવતાં હવે તે રાજ્યકક્ષાની ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેવા જશે. ભાટ હુડકોની શાળા ચેમ્પીયન જિલ્લાકક્ષાએ થતાં તાલુકામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# જુનિયર સિટીઝન કાઉન્સીલ ખાતે સત્યનારાયણની કથા યોજાઈ

ગાંધીનગર,તા.૨૪

અત્યારે હાલ શ્રાધ્ધપક્ષના દિવસો ચાલી રહ્યા છે ત્યારે દરેક વ્યકિત પોતાના પરિવારના પિતૃઓના આત્માને શાંતિ અને મોક્ષ મળે તે માટે તિથિ અનુસાર શ્રાધ્ધ કરે છે. ત્યારે ગાંધીનગર શહેરની સૌથી જુની અને જાણીતી સેવાભાવી સંસ્થા દ્વારા જુ.સી.કાના કાર્યાલય સેકટર-૧૨ ખાતે સત્યનારાયણ ભગવાની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં સંસ્થાના તેમજ અન્ય સેવાભાવી સંસ્થાના હોદેદારો હાજર રહ્યા હતા. જયારે આ પ્રસંગે વૃધ્ધાશ્રમના વડીલોને તેમજ સ્પેશિયલ ચાઈલ્ડને ભોજન પીરસવામાં આવ્યું હતું.

જુ.સી.કા. દ્વારા અનેક વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે તેની સાથોસાથે બિનવારસી મૃતકોની અંતિમવિધી પણ જુસીકા દ્વારા કરવામાં આવે છે. ત્યારે શ્રાધ્ધપક્ષના દિવસો ચાલી રહ્યા છે ત્યારે આજે તે તમામ મૃતકોના આત્માને શાંતિ મળે તેમજ મોક્ષ મળે તેવા ઉમદા હેતું થી શ્રાધ્ધ તર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ સંસ્થાના ૫૦૦થી વધુ સ્પેશિયલ ચાઈલ્ડ અને વૃધ્ધાશ્રમના વડીલોને સત્યનારાયણની કથા બાદ ભોજનપ્રસાદ આપવામાં આવ્યો હતો. જયારે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને જુ.સી.કાના સંયુકત ઉપક્રમે આત્મીય સ્વજનોની યાદમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ તા. ૨૫ ના રોજ બપોરે ૩ કલાકે ટાઉનહોલ ખાતે રાખવામાં આવ્યો છે.

## અંબાજી જવા નીકળેલા પેથાપુરનાં આધેડ પદયાત્રી લાપતા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરને નજીક આવેલા પેથાપુર પાસે સ્થિત મુલચંદપાર્ક સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષિય ગોવિંદભાઈ શિવરામભાઈ દવે ૯ સપ્ટેમ્બરે પેથાપુરથી પગપાળા અંબાજી દર્શને ગયા હતાં. પગપાળા જવા નિકળેલા ગોવિંદભાઈ આજે પખવાડીયુ થઈ ગયુ હોવા છતા ઘરે પરત ફર્યા નથી. ચિંતિત પરિવાર શોધખોળ કરવા છતા સગડ ન મળતા પોલીસ સ્ટેશને પહોંચ્યુ હતુ. પેથાપુર પોલીસ મથકમાં ગોવિંદભાઈનાં ગુમ થવા અંગે જાણવા જોગ આપતા પોલીસે શોધખોળ માટે ચક્રોગતિમાન કર્યા છે.

## આકરો તડકો ગરમી વધારી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૪

ભાદરવાનો તડકો આકરો બની રહ્યો છે. વાદળો વિખેરાતા તડકો જાણે જાણે ચામડી બાળી રહ્યો હોય તેવો આકરો બની રહ્યો છે.

કેટલાક દિવસો અગાઉ શહેરમાં વરસાદી વાતાવરણ બંધાયુ હતુ. જો કે એકાદ-બે દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ પુનઃ તડકો આકરો બનવા માંડ્યો છે. આખો દિવસ તડકો ખુબ જ પડતા ગરમી વધુ લાગે છે. બપોરના સમયે જો બહાર નીકળો તો તડકો જાણે અંગ દઝાડતો હોય તેવો લાગે છે. આખો દિવસ તડકો રહેતા રાત્રે પણ ખુબ ગરમી અને બફારો અનુભવાય છે. આજે મહત્તમ તાપમાન ૩૪.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે ભેજનુ પ્રમાણ સવારે ૯૪ ટકા અને સાંજે ૫૯ ટકા રહ્યુ હતુ.

ટચૂકડી જાહેર ખબર

**અટક બદલેલ છે**

મારી અટક નામ કડુજી ગુમામમયુદીન મહંમદભાઈ હતું તે અટક બદલી ઘાંચી ગુલામમયુદીન મહંમદભાઈ રાખેલ છે.

લી.
ઘાંચી ગુલામમયુદીન મહંમદભાઈ
૧૦૭/એ/૪, બી-ટાઈપ,
સેક્ટર-૨૯, ગાંધીનગર

**કટીંગ માટે મળો**

ફેબ્રીકેશનમાં વપરાતી દરેક સાઈઝની પ્લેટો કટીંગ કરી આપીશું.

**નવદીપ ઈન્ડસ્ટ્રીઝ**
પ્લોટ નં. ૩૦૭, કલ્પતરૂની સામે, જીઆઈડીસી,
સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૪૨ ૯૬૦૭૫

**મકાન ભાડે આપવાનું છે**

સેક્ટર-૮, પ્લોટ ૧૨૦, સારા લોકેશનમાં ૩મ્ઉૅદ્ઘ મકાન, ૩૩૦ મીટર સ્વતંત્ર મકાન, કંપની અથવા નોકરીયાતને ભાડે આપવાનું છે.રવિવારે મકાન માલિક સ્થળ ઉપર મળશે.
સંપર્ક : ૯૮૨૫૨૫૯૧૪૪